## સભાસદ માટેની વિગત

- ✓ L.C. ની નકલ
- ✓ બદલી ના Order ની નકલ
- ✓ NOC Original
  (સભાસદ નથી તેવુ / છુટા કરેલા છે તેવુ)
- ✓ KYC Pan card -1 નકલ,
  Elction Card-1 નકલ
  Adhar card-1 નકલ

| સભાસદની ઉમર | ૪૦ થી ઓછી | ૪૦ થી વધુ |
|---|---|---|
| સભાસદ ફી | ૧૦૦ | ૧૦૦ |
| ડેથ સભાસદ ફી | ૧૦૦ | ૧૦૦ |
| નિવૃતિ ફાળો (આપાણા તાલુકામાંથી વયુનિવૃત થાય તો છેલ્લે ૧૧,૦૦૦/-) | ૨,૦૦૦ | --- |
| ડેથ બેનીફીટ યોજના (પરત મળવાપાત્ર) | ૨૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| શેર ફાળો (પરત મળવાપાત્ર) | ૨૦૦ | ૨૦૦ |
| **કુલ ચેક** | ૨૨,૪૦૦/- | ૨૦,૪૦૦/- |

## શ્રી ગાંધીનગર તાલુકા અને શહેરી પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી., ગાંધીનગર

### સભાસદ માહિતી પત્રક

**(આ ફોર્મ અંગ્રેજીમાં ભરવું.)**

પાસપોર્ટ સાઈઝનો ફોટો ગુંદરથી ચોંટાડવો

નામ : ____________________

શાળા : ____________________ પગાર કેન્દ્ર : ____________________

જન્મ તા.: ____________________ ખા.દા.તા.: ____________________

નિવૃત્ત તા. ____________________ E-mail: ____________________

રહેઠાણનું સરનામું : ____________________

____________________

પીન ____________________ મો. ____________________

ફોન : ____________________ PAN No. : ____________________

Axis Bank A/c. No.: ____________________

×

સહી

×

શાળાના આચાર્યની સહી અને સિક્કો

# સભાસદ થવા માટેની અરજી

સભાસદ રજી. નંબર :

## ગાંધીનગર તાલુકા અને શહેરી પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી., ગાંધીનગર

(૧) વતન : મોજે __________ તાલુકે __________ ના રહીશ __________
__________ શાળાનું નામ __________
જાતે __________ જન્મ તારીખ __________ ની અરજ એ છે જે :

(૨) હું મંડળીના ભાગ (શેર) નંગ __________ ની દર ભાગ દીઠ કિંમત રૂપિયા દશ પ્રમાણે રૂા.__________
તથા ફરજીયાત બચતના રૂા.__________ તથા દાખલ ફીનો રૂા. એક મળી કુલ અંકે રૂપિયા
__________ રજુ કરું છું તે લઈ મારૂ નામ સભાસદ તરીકે દાખલ કરવા. મે. કરશો.

(૩) મારા વારસ તરીકે __________ નું નામ નોંધશો.

(૪) મારૂં નોકરીનું સ્થળ __________ (હોદ્દા સાથે લખવું)
મારો પગાર રૂા.__________ છે, હું કાયમ / એકટીંગ નોકર છું ખાતામાં દાખલ તા.__________ છે.
હું આ સિવાય કોઈપણ મંડળીમાં દાખલ નથી. / છું. હું મારૂં સરનામું બદલાશે તેની ખાત્રી આપીશ.

(૫) મેં મંડળીના નિયમ વગેરે વાંચ્યાં છે, અને હવે પછી જે નિયમ અમલમાં હશે તે પ્રમાણે વર્તવાને હું બંધાઉ છું. ને પેટા કાયદાની રૂએ ભરવા પડતા પૈસા ભરવાને બંધાઉ છું.

(૬) હું જાતે કરજદાર હોઈશ અથવા એવા કોઈ કરજદારનો જામીન હોઈશ ત્યાં સુધી હું મારા ખાતાની નોકરી છોડીશ નહિં.

×
**શાળાના આચાર્યનો**
**સિક્કો તથા સહી**

×
**વારસદારની સહી**

×
**અરજદારની સહી (અટક સાથે)**

અરજ દાખલ તા. __________ રકમ મળ્યા તા. __________ સદર હું માગણીદારને
પેટા સભાની ઠરાવ નં. __________ થી દાખલ કરવાનું ઠરાવ્યું છે, સદર હું અરજ ફાઈલે તા.

**મંત્રી** **પ્રમુખ**

# ગાંધીનગર તાલુકા અને શહેરી પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી., ગાંધીનગર

રજી.નં. સે. ૧૦૭૭, તા.૦૩/૦૩/૧૯૬૭
પ્લોટ નં. ૧૬૨/૧, આનંદવાટિકા, સેકટર-૨૨, ગાંધીનગર. મો. ૯૪૦૮૨ ૪૫૬૦૦

## "ન્યુ ડેથ બેનીફીટ યોજના સંમતિપત્રક"

સભાસદનું નામ : ______________________

શાળા : ______________________

સભાસદ નંબર : ______________________

તારીખ : ______________________

પ્રતિ,
પ્રમુખશ્રી/મંત્રીશ્રી,
ગાં.તા.પ્રા.શિ.શ.સ.મં.લી., ગાંધીનગર

**વિષય : ન્યુ ડેથ બેનીફીટ યોજનામાં સામેલ કરવા બાબત.**

સવિનય ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે હું ______________________ ______________________ પ્રાથમિક શાળામાં શિક્ષક/મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવું છું. સદર મંડળીની ન્યુ ડેથ બેનીફીટ યોજનામાં મને સમાવવા આપશ્રીને વિનંતી છે.

આપની આ યોજનામાં જોડાવા માટે કાર્યવાહક મંડળે જે ફી નક્કી કરેલ છે તે હું નીચેના વિકલ્પ દ્વારા ચૂકવવા સંમતિ આપું છું.

☐ **વિકલ્પ નંબર : ૧** — હું આ યોજનાની ફી રૂપિયા ૨૦,૦૦૦/- ની રકમ મારી મંડળી ખાતે જમા થયેલ ફરજીયાત બચતમાંથી ઉધાર કરી ડેથ બેનીફીટ યોજના ખાતે જમા કરવાની સંમતિ આપું છું. .....

☐ **વિકલ્પ નંબર : ૨** — મારી ફરજીયાત બચત રૂપિયા ૨૦,૦૦૦/- થી ઓછી હોવાથી ફીની રકમ ચેક દ્વારા ચૂકવી આપુ છું.

વધુમાં સંમતિ આપુ છું કે મારા અવસાન બાદ ડેથ બેનીફીટ યોજનાનો લાભ લેવાના કિસ્સામાં મંડળીનું મારુ કરજ કે અન્ય કોઈ લેણુ બાકી હોય તો મારા વારસદારને જે રકમ મળવાપાત્ર થાય તેમાંથી હવાલો નાખી સદરહું રકમ કરજ લોન કે અન્ય લેણામાં જમા લેવા મારી સંમતિ આપું છું. આ કિસ્સામાં મારા વારસદાર કોઈપણ સંજોગોમાં વિરોધ કરશે નહી તેવી બાંહેધરી આપુ છું. આ સમંતિપત્રકની જાણ મેં મારા વારસદારને કરેલ છે. હું આ નવી ડેથ બેનીફીટ યોજનામાં જોડાવાથી અગાઉની જૂની ડેથ બેનીફીટ યોજના (રૂા. ૧.૫૦ લાખ)નો લાભ આપોઆપ રદ થશે તે હું જાણું છું.

મારા વારસદારની તમામ માહિતી આ પ્રમાણે છે...

- √ વારસદારનું પૂરું નામ : ______________________
- √ જન્મ તારીખ અથવા ઉંમર વર્ષ : ______________________
- √ વારસદાર સાથેનો સંબંધ : ______________________

આ સમંતિપત્રક હું કોઈપણ જાતના દબાણ વિના, સભાન અવસ્થામાં તથા શાળાનાં આચાર્યશ્રીની રૂબરૂમાં લખી આપું છું.

×

**શાળાના આચાર્યશ્રીનો**
**સહી તથા સિક્કો**

લિ.

× ______________________

**સભાસદની સહી**

# શ્રી ગાંધીનગર તાલુકા અને શહેરી પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

રજી.નં. સે. ૧૦૭૭, તા.૦૩/૦૩/૧૯૬૭

પ્લોટ નં. ૧૬૨/૧, આનંદવાટિકા, સેકટર-૨૨, ગાંધીનગર

## "ન્યુ ડેથ બેનીફીટ યોજના"

સહર્ષ તમામ સભાસદોને જણાવવાનું કે શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.ના વ્યવસ્થાપક મંડળે હાલ ચાલતી ડેથ બેનીફીટ યોજનામાં સુધારો કરી એક નવીન ડેથ બેનીફીટ યોજના તૈયાર કરેલ છે.

★ **યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય :** કરજ લેનાર સભાસદનું કરજ ધિરાણ બાકી હોય અને અવસાન થાય તો તેના પરિવારને કરજ લોનનો બોજ ઉઠાવવો ના પડે તેવા ઉમદા હેતુથી આ યોજના બનાવવામાં આવી છે.

★ **યોજનાની વિગત :** મંડળીનો સભાસદ એક જ વખત રૂપિયા ૨૦,૦૦૦/- કે જે પરત મળવાપાત્ર છે તે ભરી કોઈપણ રીતે મૃત્યુના કિસ્સામાં રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- (દસ લાખ)નો લાભ મેળવી શકે છે.

★ **યોજના ફી દર :**

- **હું અરજી સાથે જે-તે ફી ચેક દ્વારા ચૂકવી આપું છું.**

★ **નિયમો :**

√ આ યોજનાનો લાભ લેવા સભાસદે ફી જમા કરાવી ડેથ બેનીફીટ સર્ટીફિકેટ મેળવવાનું રહેશે. આ સર્ટીફિકેટ મળ્યા પછીજ લાભ ચાલુ થયેલ ગણાશે. અધુરી ફી સ્વીકારવામાં આવશે નહીં.

√ વય નિવૃત્તિ / સ્વૈચ્છિક નિવૃત્તિ / તાલુકા કે જિલ્લા ફેર બદલીના કિસ્સામાં સભાસદ તરીકે રાજીનામું આપતા ભરેલ ફી રૂપિયા રૂા. ૨૦,૦૦૦/- પરત મળવાપાત્ર રહેશે.

√ ડેથ બેનીફીટ યોજનામાં વય નિવૃત્તિ / સ્વૈચ્છિક નિવૃત્તિ / તાલુકા કે જિલ્લા ફેર બદલી અથવા સભાસદ તરીકેથી રાજીનામું આપે તેવા કિસ્સામાં જે તારીખ વહેલી આવતી હશે તે તારીખ સુધી જ લાભ મળવાપાત્ર રહેશે.

√ સભાસદનું કરજ બાકી હશે તેવા કિસ્સામાં કરજ ભરપાઈ ના થાય ત્યાં સુધી રૂપિયા ૨૦,૦૦૦/- ફી પરત મળવાપાત્ર થશે નહિ.

√ સભાસદનું મૃત્યુ થાય તો તે સભાસદનું રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- સુધીનું મંડળીનું લેણુ બાકી હશે તો નાણાનો હવાલો નાખી બાકી વધેલ રકમ જ મંડળી તરફથી ચૂકવવાપાત્ર રહેશે.

√ અમુક સંજોગોમાં રૂપિયા ૧૦ લાખથી વધુ કરજ કે લેણુ બાકી હોય તેવા કિસ્સામાં રૂપિયા ૧૦ લાખથી ઉપરની રકમ જ સભાસદના જામીનદારે ભરવાની રહેશે.

(પાછળ જુઓ...

√ અવસાન પામેલ સભાસદની લોન કે અન્ય કોઈ લેણું બાકી ન હોય તેવા કિસ્સામાં સભાસદે નિયુક્ત કરેલ વારસદારને રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- પુરેપુરા મળવાપાત્ર રહેશે.

√ આ યોજનામાં જોડાનાર સભાસદને અગાઉ ચાલતી ડેથ બેનીફીટ યોજના (રૂપિયા ૧.૫૦ લાખવાળી) નો લાભ મળવાપાત્ર રહેશે નહિ.

√ તા. ૦૧/૧૧/૨૦૧૮ થી કરજ લેનાર તમામ સભાસદે આ યોજનામાં ફરજીયાત જોડાવાનું રહેશે.

√ તા. ૦૧/૧૧/૨૦૧૮ થી જે સભાસદ નવા બનશે તેમને આ યોજનામાં ફરજીયાત જોડાવાનું રહેશે.

√ જે સભાસદને મૃત્યુ બાદ રૂા. ૧૦,૦૦,૦૦૦/- ચૂકવવાપાત્ર થશે તેવા સંજોગોમાં રૂા. ૨૦,૦૦૦/- ફી પરત મળવાપાત્ર રહેશે નહિ.

√ સભાસદના મૃત્યુના કેસમાં નીચેના ડોક્યુમેન્ટ વારસદારે રજૂ કરવાના રહેશે.

- સભાસદના ડેથ સર્ટીફિકેટની પ્રમાણિત નકલ.
- મંડળી તરફથી આપેલ ડેથ બેનીફીટ યોજના સર્ટીફિકેટ (ઓરીજીનલ)
- વારસદારના ઓળખકાર્ડની પ્રમાણિત નકલ.
- વારસદારના બેંક પાસબુકની નકલ
- વારસદારની અરજી

√ મંડળી તરફથી આપવામાં આવેલ ડેથ બેનીફીટ યોજનાનું સર્ટીફિકેટ ખોવાઈ જાય કે ફાટી જાય તેવા કિસ્સામાં ૧૦૦/- રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝ સોગંદનામું તથા ૧૦૦/- રૂપિયા ડુપ્લીકેટ સર્ટીફિકેટ ફી રજૂ કરે ડુપ્લીકેટ સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે.

√ સંજોગોવસાત વારસદાર બદલવાની જરૂરીયાત ઉભી થાય ત્યારે સભાસદ દ્વારા સંમતિપત્રક, રૂપિયા ૫૦૦/- ફી તથા અગાઉનું સર્ટીફિકેટ જમા કરાવવાથી નવું સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે.

√ ચાલુ સભાસદ પૈકી આ નવી યોજનામાં ન જોડાનાર સભાસદને અગાઉની જૂની યોજનામાં જોડાયેલ હોય તો જ જૂની યોજના પ્રમાણે લાભ મળવાપાત્ર રહેશે. આ સભાસદ જ્યારે કરજ લે ત્યારે ફરજીયાત નવી યોજનામાં જોડાવાનું રહેશે.

√ ઉપરોક્ત યોજનામાં જરૂર જણાયે ફેરફાર કરવાની સત્તા મંડળીની રહેશે.

√ ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે.

**લિ.**
**પ્રમુખશ્રી / મંત્રીશ્રી**
**તથા સમગ્ર કાર્યવાહક મંડળ**

શ્રી ભગવતી પ્રિન્ટીંગ પ્રેસ, સેક્ટર-૨૩, ગાંધીનગર. મો. ૯૮૨૫૫૫૬૯૯૮